## નરસંહારના સમયમાં પ્રેમ

શાંતિ નાનાનાના હપ્તાઓમાં આવે છે.
એક-બે બપોર ને અડધીપડધી રાતો વચ્ચેના
ટુકડાઓમાં વહેંચાયેલી,
જેમાં એક અંધારા રૂમમાં એ બંને
એકમેકને પ્રેમ કરે છે.
પાછળ એક ટીવી હિંસક ઘોંઘાટ કરી રહ્યું છે
માંડ ત્રણ ફૂટ દૂરથી ઊગળતું
એક બિહામણા વિશ્વની કાતળીઓ
ફેંકતું જનસંહારની જીવંત છબીઓ –
બ્લૅક ઍન્ડ વ્હાઇટમાં ચીતરેલું એક નગર
કકળતી સ્ત્રી, હાથમાં મરેલું બાળ
રસ્તા પર ન્યાયની માગણી કરતાં જુલૂસો
કોઈ જાતિ માટે, કોઈ દેશ માટે,
કોઈ બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રી માટે,
કારાગારમાં થયેલી હત્યા માટે ન્યાયના નારા લગાવતાં...
એ એની આંખોમાં ચમકતી ભૂરી ઝળકને
જરા જોરથી વળગે ત્યાં તો
ઝેરી ધુમાડાઓના ગોટેગોટા ફરી વળે છે આસપાસ
શ્વાસની જેમ ઉત્કટતાથી એ એને થોડો પાસે ખેંચે છે,

એક ગાઢ આલિંગનમાં જકડતી
પોતાની પીઠ પાછળ વીંટળાયેલા એના બે ધૂળિયા હાથને,
એના હોઠ ઉપર જમ્યા પછી ખાધેલી ચૉકલેટના રહ્યા ઝાંખા
સ્વાદને,
ને બે સ્તન વચ્ચે ધમધમતા એના શ્વાસોના ઘડીક ઉન્માદને
અનુભવતી
એની નજર પલંગની ડાબી બાજુના તૂટેલા
અરીસામાંના ધૂંધળા પ્રતિબિંબ તરફ વળે છે
એકમેક સાથે સહજતાથી ગૂંથાયેલાં, પ્રેમ કરતાં
અસ્ત થઈ રહેલાં અજવાળાંની સામે ઝઝૂમતાં,
ગાહનિકા*ના ચિત્રમાંથી બહાર સરી પડેલી
કોઈ ઝીણી વિગત જેવાં - બે શરીર.
એ પુરુષ કંઈ ગણગણતો લાગે છે
બહાર બહુ અવાજ છે
પણ એ જાણે છે કે
એ ચોક્કસ પ્રેમની વાત કરતો હોવો જોઈએ
નરસંહારના સમયમાં પ્રેમ.

** Guernica (1937), પાબ્લો પિકાસોનું એક વિખ્યાત ચિત્ર.*

# સૂરજમુખીનાં ખેતર

કદાચ આ સ્થળ યોગ્ય નહોતું એમને ઊગવા માટે
કદાચ આ સમય પણ નહોતો એમને ખીલવાનો
કદાચ આ ઋતુ પણ નહોતી એમને મલકાવાની
વરસાદ ખૂબ આકરો હતો
કદાચ તડકો જરાય નહોતો વીણવા માટે
કદાચ જગ્યા સુધ્ધાં નહોતી શ્વાસ લેવાની
આપણે સૌ જાણીએ છીએ, આમાં શંકાની વાત જ નથી
જાણીએ છીએ કે આ જ સત્ય છે.

આપણે જાણીએ છીએ કે
એ લોકો ચાંચ મારીમારીને
ચણી જશે, ખાઈ જશે એમને
ચૂંટીને, મસળીને મારી નાખશે એમને
જાણીએ છીએ કે ફૂલો ક્યારે કથ્થઈ થશે
અને ક્યારે લણી લેવાશે
અને જો એમને કૂણાંકૂણાં જ ચાવી જઈએ
તો જીભે ઝમતો એમનો કુમળો, તાજો સ્વાદ કેવો હશે
એક પછી એક બધાં બળવાનાં છે
કાં વઢાઈ જવાનાં છે
બસ, બધાંએ પોતાના વારાની રાહ જોવાની છે

ચાહવા માટે આ રાત કદાચ બહુ ઘાતકી છે
અને પવન કોઈની દરકાર ન કરી શકાય એટલો નિષ્ઠુર છે
આ માટી પણ કદાચ બહુ વધારે પોચી છે.
ટટ્ટાર ઊભાં રહેલાં લાંબાં ફૂલોની કરોડરજ્જુના ભારને સહેવા
માટે

પણ તો આ ઊગે છે કેમનાં,
તેય આટલી વિશાળ સંખ્યામાં,
આ જંગલી સૂરજમુખી ખેતરોમાં?
નજર પહોંચે ત્યાં સુધી ફેલાયેલાં
અસ્પૃશ્ય સુંદરતાનાં ખેતરો
સળગતી પાંખડીઓ લીલી ને સોનેરી
એમના નાના પગ હવામાં ઉછાળી
ખિલખિલાટ હસે છે –
હાસ્ય ઊડતી પરીઓનું
હાસ્ય નાચતી લહેરોનું –
અને ઊભી રહે છે માથાં કરીને હવામાં અધ્ધર
પોતાના બે પગ પર અડીખમ
એમની નાની મુઠ્ઠીઓમાં ઝાલીને
સળગતી હવાઓ નારંગી.

આ ખાલી દૂર બળતી, જેમતેમ ઊભી કરેલી
ચિતાઓમાંથી ઊડી આવતી ગરમ રાખ નથી
જે ફૂટે છે મારી આંખોમાં
થઈ ઊના પાણીના ઝરા
આ તો છે મારાં કૂખમાં ઊગ્યાં
સૂરજમુખીનાં ખેતરો.